**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૯ ટકા

# પૂ. બાપુને ગાંધીનગરની અનોખી સ્મરણાંજલિ...!!

## કલાગુર્જરી દ્વારા સતત ૧૩મા વર્ષે ટાઉનહોલ સામેના મેદાનમાં ગાંધી પ્રિય ભજનોનો કાર્યક્રમ યોજાયો : પ્રહર વોરા-દર્શના ગાંધી-સંપદા વોરાના સ્વરે ભજનોની સુરિલી પ્રસ્તુતિ કરાઈ





ગાંધીનગર, તા.૨

રાષ્ટ્રપિતા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ દેશભરમાં ઉજવાઈ હતી. ગાંધીનગર ખાતે દર વર્ષની જેમ પૂ.બાપુને પ્રિય ભજનોની સુરિલી સુરાવલીઓ સાથે આ પવિત્ર દિવસની પ્રભાતની પ્હોર ફુટી હતી. કલાગુર્જરી દ્વારા સતત ૧૩મા વર્ષે ટાઉનહોલ સામેના મેદાનમાં ગાંધીજી પ્રાર્થના સભા કરતા હતા તે સમયે જ આશ્રમ ભજનાવલી પૈકીના ભજનોની સંગીતમય પ્રસ્તુતિ '... પીડ પરાઈ જાણે રે..' પ્રતિભાશાળી ગાયકો પ્રહર વોરા, દર્શના ગાંધી અને સંપદા વોરાના સુરિલા સ્વરોમાં કરાઈ હતી. જેને ઉપસ્થિત વિશાળ શ્રોતાગણે 'બાપુમય' થઈને માણી હતી.

મહાત્મા ગાંધીના ગુજરાતના પાટનગરમાં સતત તેરમા વર્ષે બાપુની પ્રાર્થનાસભા સમયે પૂ. બાપુને પ્રિય આશ્રમ ભજનાવલિના ભજનોની પ્રસ્તુતિના કાર્યક્રમમાં પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા, પૂર્વ મંત્રી બાબુમેઘજી શાહ, મોરબીના ધારાસભ્ય બ્રિજેશ મેરજા સહિત વી.એસ. ગઢવી, એચ.બી. વરિયા, પરાગ ભગદેવ, વાગ્મિન બુચ સહિત શહેરના વિવિધ ક્ષેત્રના અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. એક દિવસ અગાઉ મેઘરાજાએ અટકાવી દીધેલી તેની મેઘસવારીના પગલે પ્રતિ વર્ષની જેમ નિર્વિઘ્ને સંપન્ન થયેલી આ અનોખી પ્રાર્થના સભાની શરૂઆત પ્રહર વોરાએ કબીરના પદ 'ઉઠ જાગ મુસાફિર ભોર ભયી, અબ રૈન કહાં જો સોવત હૈ' થી કરતા શ્રોતાઓના દિલના તાર ઝણઝણી ઉઠયા હતા. આ પછી તેમણે દર્શના ગાંધી અને સંપદા વોરાએ મળીને એક પછી એક લોકપ્રિય ભજનો જેવા કે 'હરિદર્શન કી પ્યાસી અંખિયા', 'પાયોજી મૈંને રામ રતન ધન પાયો', 'ચદરિયા જીની રે જીની', 'પ્રભુજી તુમ ચંદન હન પાની', 'જુનું તો થયું દેવળ', 'મન લાગો મેરો યાર ફકીરી મેં', 'હરિનો મારગ છે શૂરાનો', 'સબસે ઊંચી પ્રેમ સગાઈ', 'શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન', 'મંગલ મંદિર ખોલો' વગેરે ઉપરાંત સમાપન નરસિંહ મેહતાના સુપ્રસિધ્ધ અને પૂ. બાપુને સૌથી પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીયે' તથા રામધૂન સાથે કર્યું ત્યાં સુધીમાં મેદાનમાં ઉપસ્થિત વિશાળ શ્રોતાગણ 'મહાત્મા મય' બની ચુકયું હતું. કાર્યક્રમના સમાપને કલાગુર્જરી સંસ્થા વતી પૂર્વ મંત્રી મહેન્દ્ર ત્રિવદીએ કાર્યક્રમ અંગે વાત કરતા કહ્યું હતું કે, 'બાપુને પ્રેમ એટલે જ રાષ્ટ્રને પ્રેમ, બાપુને પ્રેમ એટલે સમગ્ર વિશ્વને પ્રેમ'. આ સાથે તેમણે પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ અને વિનોબા ભાવેના સવાસોમાં જન્મ જંયતિ વર્ષને યાદ કરી બંને દિવંગત રાષ્ટ્રનાયકોને સ્મરણાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમના મંચ પર પરંપરા મુજબ ૧૦૦ વર્ષ પૂર્વેની અને ૧૯૧૯ની પૂ. બાપુને ગાંધી ટોપી પહેરેલી અને કાળો કાયદો રોલેકટ એકટના વિરોધ માટેની સભાની તસવીર લગાડાઈ હતી. કાર્યક્રમ દરમિયાન સાદરા ખાતેની ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ રેંટિયો ચલાવી સુતર કાંત્યું હતું. કાર્યક્રમના સમાપન બાદ ગાયક પ્રહર વોરાએ 'ગાંધીનગર સમાચાર' સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે 'પૂ. બાપુની પ્રતિબધ્ધતા અને આત્મશ્રધ્ધા આ બંને ગુણો તેમને ખુબ પ્રભાવિત કરે છે, પૂ. બાપુ આઝાદી મળ્યાં બાપુએ તેમના વર્તન કે વચનોમાં ફેરફાર ન્હોતો કર્યો.'



## આજે ગાંધીનગરમાં

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રી મહોત્સવમાં ગોલ્ડન ચિયર્સ રાત્રે ૭.૩૦ કલાકે સે-૧૧ સ્થિત રામકથા મેદાનમાં ગરબાની રમઝટ જમાવશે.

● શિવ શકિત મંદિર ચોક સે-૭-સી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા ચામુંડા મ્યુઝીકલ ગ્રુપ માણેકપુર દ્વારા ગરબાની રમઝટ જમાવાશે.

● નવરાત્રી સમિતિ સે-૩-ન્યુ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા ૯ કલાકે ધર્મેશ પંડયા અને મ્યુઝિકલ પાર્ટી ગરબાની રમઝટ જમાવશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩ના મધુબેન કે. કડીકર દ્વારા બપોરે ૨.૩૦ થી ૫ દરમિયાન ભાવનાબેન ગોસ્વામીના નિવાસસ્થાન સે-૨-ડી ૧૬૮૫/૧ ખાતે ગરબાની રમઝટ જમાવાશે.

## પ્લાસ્ટીક મુક્ત ભારત પ્રતિજ્ઞા

સર્વવિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.જી. પટેલ કન્યા મા. શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળા ગાંધીનગરમાં આજરોજ ૧૫૦મી ગાંધી જયંતિ ઉજવણી પ્રસંગે શાળામાં પ્રાર્થના દરમિયાન પ્લાસ્ટીક મુક્ત ભારત અંતર્ગત શાળાની તમામ વિદ્યાર્થીનીઓને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ નહીં કરવાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો અને જશુભાઈ સુતરીયા દ્વારા પ્લાસ્ટીકની વસ્તુઓ નહી વાપરવા અંગેના સૂચનો આપવામાં આવ્યા હતા.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● ડ્રીમગર્લ
૧૦.૦૦, ૧૧.૩૦, ૨.૨૦, ૩.૪૦, ૫.૧૦, ૮.૦૦, ૯.૩૦, ૧૦.૪૫

● છીછોરે
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૧૫

● સેકશન ૩૭૫
૧૨.૫૦, ૬.૩૦, ૯.૪૫

● એબોમીનેબલ (અંગ્રેજી)
૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

● ડ્રીમગર્લ
૧૧.૦૦, ૧.૫૦, ૪.૪૦, ૭.૩૦, ૧૦.૨૦

● પ્રસ્થાનમ્ (હિન્દી)
૧૦.૧૫

● પલ પલ દિલ કે પાસ
૪.૧૫

● છીછોરે
૧૦.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૩.૧૫, ૪.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૯.૧૫, ૧૦.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

● ડ્રીમગર્લ
૧૦.૪૫, ૧૨.૧૫, ૧.૩૦, ૩.૦૫, ૪.૨૦, ૫.૫૫, ૭.૧૦, ૮.૪૫, ૧૦.૦૦

● છીછોરે
૧૦.૦૦, ૧૧.૧૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦

● પલ પલ દિલ કે પાસ
૧૨.૦૦

● પ્રસ્થાનમ્ (હિન્દી)
૫.૦૫





કોબા ગામ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છતા અભિયાન આ ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજસ્થાનથી પધારેલ સરપંચશ્રીઓનું સ્વાગત કરવામાં કોબા ગામના સરપંચ યોગેશભાઈ નાઈ તેમજ ગ્રામજનો દ્વારા કોઈપણ પ્રકારની કચાશ રાખવામાં આવી ન હતી. તદુપરાંત દિવસ દરમિયાનના તેમના વ્યસ્ત કાર્યક્રમો ઉપરાંત રાત્રી દરમિયાન ભારતના તેમજ ઈન્ટરનેશનલ ગુજરાતી પ્રાપ્ત આર્ટિસ્ટ ડાન્સ કલાકાર શ્રી ભરત બારીયા તેમજ અક્ષય પટેલને તેમના સ્વાગત માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ આમંત્રણને માન આપીને બંને ખ્યાતનામ કલાકારો દ્વારા અદભૂત નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. તદુપરાંત રાજસ્થાની સ્પેશિયલ જીતુ પર પણ ડાન્સ પર્ફોર્મન્સ કરીને આવનાર મહેમાન સરપંચશ્રીઓ ને પણ પોતાના ડાન્સમાં ઈન્વોલ્વ કરીને સમગ્ર પ્રોગ્રામને યાદગાર તેમજ જીવંત બનાવી દીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સરપંચશ્રીઓ દ્વારા કલાકારોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું તેમજ કોબા ગામમાં રજુ કરાયેલ ડાન્સ રાજસ્થાનમાં પણ રજુ કરવા માટે તેમને આમંત્રણ આપવામાં આવ્યું હતું.





સિનિયર સિટિઝન કાઉન્સિલ મહિલા પાંખ ગાંધીનગરની બહેનો દ્વારા ગાંધીનગર સે-૨૮ની સમર્પણ મૂક-બધિર શાળામાં રમત-ગમત અને અલ્પાહારનો કાર્યક્રમ તા. ૨૩મી સપ્ટેમ્બરના રોજ યોજાયો હતો. સર્વે વિદ્યાર્થીઓને મ્યુઝિકલ ચેર અને પાસીંગ ધ પાર્સલની રમતો રમાડવામાં આવી હતી. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રમતમાં વિજેતા ૧૧ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને પ્રોત્સાહન ઈનામ પણ અપાયા હતા. મહિલા પાંખની બહેનો તરફથી અલ્પાહારનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં કન્વીનર દામિનીબેન લાખીઆ અને પાંખની બહેનોનો વિશિષ્ટ ફાળો રહ્યો હતો.

## એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલમાં 'સ્વચ્છતા જાગૃતિ અભિયાન' યોજાયું





ગાંધીનગર, તા.૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાથમિક સ્કૂલમાં ગાંધીજયંતિ નિમિત્તે શાળામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ધો-૮ની ૭૫ વિદ્યાર્થીની બહેનો દ્વારા શાળામાં મેદાન અને બગીચાની સફાઈની કામગીરી કરવામાં આવી હતી તથા આ કાર્યક્રમનું આયોજન શાળાના સુપરવાઈઝર ભગવતીબેન પટેલના માર્ગદર્શન નીચે પ્રવિણભાઈ પટેલ તથા ચેતનભાઈ પંચાલ દ્વારા કામગીરી સંભાળવામાં આવી હતી.

## વાદળી કલરની થેલી ખોવાયેલ છે

ગાંધીનગર, તા.૨

મંગળવારે સવારે અગિયાર વાગે ચ રોડથી ઘ રોડ વચ્ચે વાદળી કલરની થેલી ખોવાયેલ છે. જેમાં અગત્યના કાગળ/દસ્તાવેજ હતા.જે કોઈને મળેલ હોય તો મો. ૭૫૬૭૧૬૬૬૯૨ સેકટર-૩ એ પ્લોટ નં. ૭૭/૨ ઉપર જણાવવા વિનંતી છે. વાદળી થેલી આપનારને યોગ્ય બદલો આપવામાં આવશે.



સનેડો નવરાત્રિ યુવક મંડળ સેકટર-૨૪ શ્રીનગર હાઉસિંગ બોર્ડના નાના બાળકોએ બનાવેલ ગબ્બર માતાજીના દર્શન કરાવે છે. નાના બાળકોનો માતાજી પ્રત્યેનો સ્નેહ ખરેખર અદભૂત છે.

## સ્કૂલ ઓફ અચિવરમાં '૧૫૦મી ગાંધીજયંતિ'ની ઉજવણી







ગાંધીનગર, તા.૨

સ્કૂલ ઓફ અચિવર, કુડાસણ ખાતે ૧૫૦મી ગાંધીજયંતીની ઉજવણી તા. ૧-૧૦-૨૦૧૯ના રોજ કરવામાં આવી હતી. વિદ્યાર્થી જીવન દરમિયાન તમામ બાળકો નૈતિક મૂલ્યોની સમજ કેળવે અને સ્વચ્છતા પ્રત્યે જાગૃત બને તે આશયથી આ કાર્યક્રમની નવ સિંચાઈ હતી આ દરમિયાન ગાંધીજીનું પ્રિયભજન 'વૈષ્ણવજન તો તેને રે...'નું અહલાદક ગાન વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયું હતું. 'પ્લાસ્ટિક મુકત ભારત'નો નિર્ધાર કરતો સંકલ્પ બાળકો અને શિક્ષકશ્રીઓએ લીધો હતો.

## ગ-૬ પાસે ગાંઠીયાની લારી ચલાવતા વેપારી પર હુમલો

ગાંધીનગર, તા.૨

શહેરના ગ-૬ સર્કલ પાસે ગાંઠીયાની લારી ચલાવતા વેપારીને ત્યાં નાસ્તો કર્યા બાદ ગ્લાસ નીચે પડી જતા બેન સાચવીને પાણી પીવો ગ્લાસ કેમ નીચે પાડી દો છો તેમ કહેતા ઉશ્કેરાયેલા દંપતિએ ગાળાગાળી કરીને ગાંઠીયાના વેપારી અને તેના પરિવાર પર હુમલો કર્યો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પોલીસે પાસેથી મળતી વિગત મુજબ શહેરના ગ-૬ સર્કલ પાસે ગાંઠીયાની લારી ચલાવતા અને કુડાસણ ખાતે રહેતા રાજેશકુમાર પાઠક પોતાના પરિવાર સાથે રહે છે. તેઓએ નોંધાવેલી ફરીયાદ મુજબ સવારના દશેક વાગ્યાના સુમારે એક બાઈક ચાલક પોતાની પત્ની અને બાળકો સાથે આવ્યો હતો.નાસ્તા કર્યો પછી બાઈક ચાલકની પત્નીએ પાણી પીતા ગ્લાસ પાડી દેતા રાજેશભાઈએ બેન સાચવીને પાણી પીવો ગ્લાસ કેમ પાડી દો છો. કહ્યું હતું. જેને પગલે ઉશ્કેરાયેલા પતિ-પત્નીએ ફરીયાદી સાથે ઝઘડો કરીને ગાળાગાળી કરી હતી. આસપાસના નાગરીકો વચ્ચે પડતા તેમને શાંત કરતા તેઓ જતા રહ્યા હતા. થોડીવાર પછી બાઈક ચાલક તેની સાથે બીજા ત્રણ શખ્સો લઈને આવ્યા હતા.તેણે ગાળાગાળી સાથે ફરીયાદી અને તેની પત્નીને ધોકા વડે માર માર્યો હતો. દોડી આવેલા નાગરીકોએ વચ્ચે પડતા ચારેય શખ્સો એ જાનથી મારી નાંખવાની ધમકી આપીને જતા રહ્યા હતા.જેને પગલે દંપતિએ ગાંધીનગર સિવિલમાં સારવાર લીધા બાદ પોલીસને જાણ કરી હતી. પોલીસે ચાર અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની શહેરમાં ઉત્સાહપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી અને કોઈએ પૂ. બાપુને સફાઈ કાર્ય થકી તો કોઈએ ગાંધી સાહિત્યના વાંચન થકી શ્રધ્ધા સુમન અર્પિત કર્યા હતા. શહેરના સે-૪ના હડમતિયા છાપરા વિસ્તારમાં વોર્ડ નં. ૭ અને ૮ના નગરસેવકો પાયલબેન મેણાત તથા ઉર્મિલાબેન વર્મા દ્વારા સંયુકત રીતે બાળકોને બિસ્કિટ વિતરણ કરી ગાંધી જયંતિની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં કાર્યકરો વિજયસિંહ હડિયોલ, મેહુલ સોલંકી, મહેન્દ્ર ભરાડા વગેરેએ હાજરી આપી હતી.

## જનક ઠકકર દ્વારા કોટન બેગ્સનું વિતરણ



ગાંધીનગર, તા.૨

જનક ઠકકર દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે તથા ગાંધીજી ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું 'સ્વચ્છ ભારત અભિયાન' અને 'પ્લાસ્ટિક ફ્રી ઈન્ડિયા'ની આજથી શરૂઆત થઈ રહી છે તો એ અભિયાનમાં એક નાનકડું પગલું - ગાંધીનગર શેહરના સ્વચ્છ ભારત અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર તથા ટી.વી. એકટર જનકભાઈ ઠકકરે કેબિનેટ મીનીસ્ટર પુરૂષોત્તમભાઈ રૂપાલાને કોટન બેગ્સ અર્પણ કરીને આ કાર્યક્રમની શરૂઆત કરેલ છે. આ કોટન બેગ જુના કપડામાંથી 'વેસ્ટમાંથી બેસ્ટ' બનાવેલ છે. રૂપાલાસાહેબે જનક ઠકકરના આ કાર્યક્રમને બિરદાવતા બીજા આવા અનેક કાર્યક્રમો કરે એ માટે તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત જનક ઠકકર તેમના નિવાસની આજુબાજુમાં રહેતા એવા ૧૦૦ ઘરોમાં કોટન બેગનું વિતરણ કરી આ 'પ્લાસ્ટિક ફ્રી ઈન્ડિયા' જે આપણા પ્રધાનમંત્રીનું સપનું છે એ મુવમેન્ટને વધુ વેગ મળે એ માટે આવનારા સમયમાં જન જાગૃતિ માટેના કાર્યક્રમો કરશે.